# બે દાયકાની રૂપરેખા તૈયાર કરવા આરબીઆઈને મોદીની અપીલ



મુંબઈ,તા. ૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે માહિતી આપતા કહ્યું હતું કે જન ધન ખાતાઓમાં હજુ સુધી ૧૪૦૦૦ કરોડથી વધુની રકમ જમા થઈ ચુકી છે. મોદીએ ફાયનાન્સિલ ઈન્કલુસન માટે ૨૦ વર્ષની રૂપરેખા તૈયાર કરવા આરબીઆઈને અપીલ કરી હતી. મોદીએ કહ્યું હતું કે રીજર્વ બેંકે મોટા પાયે નાણાંકીય સમાવેશ માટેના પગલા હાથ ધર્યા છે. મુંબઈમાં રીઝર્વ બેંકની પરિષદમાં બોલતા મોદીએ કહ્યું હતુ કે તેઓ દર બે મહિનામાં એક વખત આરબીઆઈ ગવર્નરને મળવાની ઈચ્છા ધરાવે છે. આ કાર્યક્રમમાં નાણાં પ્રધાન અરૂણ જેટલી પણ હાજર રહ્યા હતા. પરિષદમાં બોલતા જેટલીએ કહ્યુ હતુ કે સરકાર નિર્ણય લેવાની બાબતમાં વિશ્વસનિયતા સ્થાપિત કરવાની ઈચ્છા ધરાવે છે. જેટલીએ ભારતને વધારે બિઝનેસ અને રોકાણલક્ષી બનાવવા માટે સરકારની કટિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. મોદીએ આરબીઆઈના ગવર્નરની ભારે પ્રસંસા પણ કરી હતી. તાજેતરમાં રાજન અને સરકાર વચ્ચે કેટલાક મુદ્દે ખેંચતાણ હોવાના અહેવાલ મળ્યા હતા. જો કે આજે મોદીએ આવા તમામ અહેવાલોને રદિયો આપ્યો હતો. આજે વિવિધ મામલે વાત કરવામાં આવી હતી. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની ૮૦મી વાર્ષિક વર્ષગાંઠ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં તેમણે કહ્યં હતું કે, આરબીઆઈ ૨૦૩૫માં ૧૦૦ વર્ષ પરિપૂર્ણ કરશે ત્યારે રિઝર્વ બેંકની પ્રશંસા કરવાની બાબત સ્વભાવિક થાય છે. વડાપ્રધાને કહ્યું હતુ કે, ફાયનાન્સિયલ ઈન્કલુઝન હાસલ કરવા માટે અન્ય સિદ્ધિઓ પણ છે જેમાં ૨૦૧૯માં મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિનો સમાવેશ થાય છે. સાથે સાથે ૨૦૨૨માં સ્વતંત્રતાના ૭૫ વર્ષ પુરા થાય છે. ૨૦૨૫માં આરબીઆઈને ૯૦ વર્ષમાં પુરા થાય છે. ૨૦૩૫માં આરબીઆઈને ૧૦૦ વર્ષ પુરા થાય છે. આ ચાર મહત્વપૂર્ણ તારીખો રહેલી છે. અમે ફાયનાન્સિયલ ઈન્કલુઝન માટે રોડ મેપ તૈયાર કરી શકીએ છીએ. ફાયનાન્સિયલ ઈન્કલુઝન સરકારી કાર્યક્રમ હોવો જોઈએ નહીં પરંતુ તમામ માટે રહેવો જોઈએ. દેશના ગરીબ લોકો અને ખેડૂતોની દુર્દશા અંગે ચિંતા વ્યક્ત કરતા મોદીએ ગરીબોને નાણાંકીય સહાયતા ઉપલબ્ધ કરાવવા વિચારણા કરવા બેંકરોને કહ્યુ હતું. ખેડૂતોની દુર્દશાના સંદર્ભમાં તેમણએ કહ્યું હતું કે, બેંકિંગ ક્ષેત્ર સાથે હાથ મિલાવવામાં આવ્યા છે. ખેડૂતોની આત્મહત્યાના સંદર્ભમાં તેમણે કહ્યું હતું કે, આ ચિંતા અખબારો અને ટીવી સ્ક્રીન સુધી મર્યાદિત રહેવી જોઈએ નહીં. જ્યારે ખેડૂતોનું મૃત્યુ થાય છે ત્યારે બેંકિંગ સેક્ટર પણ હચમચે તે જરૂરી છે. કારણ કે નાણાકીય બાબત આના માટે જવાબદાર રહે છે. સંશાધન ધનાઢ્ય ગણાતા પૂર્વીય રાજ્યોને ક્રેડિટ આપવા બેંકરોને વડાપ્રધાને અપીલ કરી હતી. આરબીઆઈ ૮૦ વર્ષ ઉજવે છે ત્યારે બેંકિંગ સેક્ટરને વધારે મજબૂત કરવાની જરૂર છે.

મોદીએ ખેડૂતોની આત્મહત્યાને રોકવા મદદરુપ થવા ફાયનાન્સિયલ ઈન્કલુસન ઈનસ્ટુમેન્ટ સર્જવા બેંકોને અપીલ કરી હતી. ખેડૂતોને મદદ કરવાની બાબતથી પર્યાવરણ લક્ષી પહેલને પ્રોત્સાહન મળશે. મોદીએ કહ્યુ હતું કે, પ્રધાનમંત્રી જનધન યોજના અને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફરની સફળતા ઘણી બધી બાબતો દર્શાવે છે. આર્થિક અને સામાજિક પરિબળોની સાથે ભૌગોલિક પરિબળો અંગે પણ વિચારણા કરવી જોઈએ. આ કાર્યક્રમમાં મહારાષ્ટ્રના રાજ્યપાલ વિદ્યાસાગર રાવ, મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવિસ, કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલી ઉપસ્થિત રહ્યા હતા.

# યુદ્ધગ્રસ્ત યમનમાંથી ૩૫૮ ભારતીય સ્વદેશ પરત ફર્યા

કોચી,તા. ૨

યુદ્ધગ્રસ્ત યમનમાંથી ખસેડવામાં આવેલા ભારતીય નાગરિકોની બે ટુકડી આજે વહેલી પરોઢે સ્વદેશ પરત ફરતા મોટી રાહત થઈ હતી. તેમના પરિવારના સભ્યોમાં પણ ખુશી અને રાહતનુ મોજુ ફરી વળ્યું હતુ. ૧૬૮ ભારતીય નાગરિકો સાથેનુ ઈન્ડિયન એરફોર્સનુ વિમાન વહેલી પરોઢે બે વાગે કોચી વિમાનીમથકે ઉતર્યું હતુ. જ્યારે ૧૯૦ યાત્રી સાથેનુ સી-૧૭ ગ્લોબ માસ્ટર વિમાન મુંબઈમાં પહોંચી ગયુ હતુ. વિમાનીમથકે તેમના સગાસંબધી પહોંચ્યા હતા. ભારે ભાવનાશીલ દ્રષ્યો સર્જાયા હતા. કોચીમાં પહોચેલામાં નર્સ અને વર્કરો છે. કેરળના પ્રધાન પણ વિમાનીમથકે પહોંચ્યા હતા. યુદ્ધગ્રસ્ત યમનમાં ફસાયેલા ભારતીય લોકોને લઈને મોદી સરકાર ખુબ જ ગંભીર બનેલી છે. ભારતીય લોકોને સુરક્ષિત ખસેડી લેવાના પ્રયાસ યુદ્ધના ધોરણે ચાલી રહ્યા છે. ૪૦૦૦થી વધુ ભારતીયોને



સુરક્ષિતરીતે ખસેડી લેવામાં આવ્યા છે. હવે બીજા સેંકડો લોકોને ખસેડી લેવામાં આવ્યા છે. પરંતુ હજુ પણ ૪૦૦૦થી વધારે લોકો ફસાયેલા છે. તેઓ મદદની રાહ જોઈ રહ્યા છે. તેમની મદદ કરવા માટે સરકાર સતત પ્રયાસ કરી રહી છે. કટોકટીનો સામનો કરી રહેલા યમનમાંથી લોકોને ખસેડી લેવાની પ્રક્રિયા ચાલી રહી છે. વિદેશ મંત્રાલયના પ્રવકતાએ નિવેદન જારી કરીને કહ્યુંછે કે અમે અગાઉ ત્રણ વખત જાહેરાત કરીને ત્યાં રહેતા ભારતીય લોકોને ખસી જવાની વિનંતિ કરી હતી. હજુ પણ યુદ્ધગ્રસ્ત ઝોનમાં ૪૦૦૦ ભારતીય ફસાયેલા છે. તેમની સુરક્ષિત વાપસીના પ્રયાસ ચાલી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યમનમાંથી ભારતીય લોકોને ખસેડી લેવા માટે સાઉદી અરેબિયા પાસેથી મદદની માંગ કરી છે. તમામ જગ્યાઓ પરથી ભારતીય લોકોને ખસેડી લેવામાં આવી રહ્યા છે. કે તમામ ભારતીય લોકો બિલકુલ સુરક્ષિત છે. તેમની વાપસી માટેની વ્યવસ્થા પણ કરવામાં આવી ચુકી છે. યમન પર હાલમાં હવાઈ હુમલા કરવામાં આવી રહ્યા છે.

# જમીન બિલ ખેડૂત વિરોધી છે : સોનિયા ગાંધીનો દાવો

નિમચ,તા. ૨

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ આજે મધ્યપ્રદેશના ખેડૂતોને ખાતરી આપતા કહ્યું હતું કે, તેમને સંપૂર્ણ ટેકો આપવા માટે કોંગ્રેસ કટિબદ્ધ છે. ખેડૂતોના હિતોને ધ્યાનમાં લઈને કેન્દ્ર સમક્ષ રજૂઆત કરવામાં આવશે. સોનિયા ગાંધીએ અન્ય તમામ મુદ્દાઓ ઉપર પણ વાત કરી હતી. નિમચમાં સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, કોંગ્રેસ ખેડૂત વિરોધી જમીન અધિગ્રહણ બિલ સામે મજબૂતરીતે રહેશે. સાથે સાથે આની સામે જોરદાર વિરોધ કરશે. ખેડૂતોના હિતો માટે લડત ચલાવશે. વર્તમાન જમીન બિલ ખેડૂત વિરોધી હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, અમે આનો વિરોધ કરીશું. હાલમાં કોંગ્રેસ સત્તામાં નથી પરંતુ પાર્ટી ખેડૂતો માટે ચિંતિત છે. આ મુદ્દે કોઈ બાંધછોડ કરશે નહીં. સોનિયા ગાંધીએ માંગ કરી હતી કે, અગાઉની યુપીએ સરકાર દ્વારા ઘડી કાઢવામાં આવેલા જમીન અધિગ્રહણ કાયદો અને ૨૦૧૩માં ભાજપ દ્વારા ટેકો આપવામાં આવેલા કાયદાને અમલી બનાવવામાં આવે તે જરૂરી છે. સોનિયા ગાંધીએ હાલમાં કમોસમી વરસાદ અને કરાના કારણે નુકસાનગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ રહ્યા છે. મધ્યપ્રદેશમાં પાકને નુકસાન થયા બાદ આ વિસ્તારની મુલાકાત પણ આજે લીધી હતી. સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, કેન્દ્રમાં ભાજપ સરકાર અને રાજ્ય કોઈપણ પક્ષપાત કર્યા વગર ખેડૂતોને મદદ કરે. તેમણે કહ્યું હતું કે, તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણને પક્ષપાત ન કરવા અપીલ કરે છે. નિમચ જિલ્લામાં ખેડૂતો સાથે બેઠક કર્યા બાદ અને પાકને થયેલા નુકસાનમાં મુલ્યાંકન કર્યા બાદ ગાંધીએ આ મુજબની વાત કરી હતી. ખેડૂતોને ઘણું નુકસાન થઈ રહ્યું છે. કોંગ્રેસ પ્રમુખે અડધા કિલોમીટર સુધી ચાલીને નુકસાનની સમીક્ષા કરી હતી. મધ્યપ્રદેશમાં કોંગ્રેસની સરકાર ન હોવા છતાં અમે ખેડૂતો માટે લડત ચલાવીશું. અગાઉ સોનિયા ગાંધીએ સવારે નિમચ પહોંચ્યા હતા.

# કમોસમી વરસાદથી ઘઉં તેમજ ફળફળાદીને જંગી નુકસાન થયું

નવી દિલ્હી,તા. ૨

ઉભા ઘઉં, ફળફળાદી અને ઘણા જુદા જુદા પાકને ભારે નુકસાન થઈ ચુક્યું છે જેના કારણે ખેડૂતોની હાલત કફોડી બની ગઈ છે. છેલ્લા ચારથી છ સપ્તાહના ગાળામાં કમોસમી વરસાદના કારણે ખેડૂતોની હાલત વધારે કફોડી બની છે. ખેડૂતોનું કહેવું છે કે, હાલમાં થયેલા નુકસાન માટે રિકવર થવાની બાબત ખુબ જ મુશ્કેલરુપ છે. ફેબ્રુઆરી અને માર્ચ મહિનાની શરૂઆતમાં કમોસમી વરસાદ અને માર્ચમાં મોડેથી પ્રચંડ પવન સાથે બરફના કરાથી વરસાદના કારણે પાકને ભારે નુકસાન થયું છે. પંજાબ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ અને ગુજરાતમાં ભારે નુકસાન થયું છે. રાજસ્થાનમાં પણ નુકસાન થયું છે. એક બાજુ પંજાબ અને હરિયાણામાં ઘઉંના પાકને નુકસાન થયું છે. મહારાષ્ટ્રમાં કેરી અને ગુજરાતમાં પણ કેરીના પાકને નુકસાન થયું છે. હિમાચલમાં સફરજનના પાકને નુકસાન થયું છે. ભારે નુકસાનના પરિણામ સ્વરુપે આવનાર દિવસોમાં કોમોડિટીના ભાવમાં વધારો થઈ શકે છે. પહેલી એપ્રિલના દિવસે મુળભૂત રીતે પંજાબ અને હરિયાણામાં ઘઉં પ્રાપ્તિ પ્રક્રિયા શરૂ થયા છે પરંતુ આ વખતે તેમાં વિલંબ થઈ ગયો છે. પંજાબ અને હરિયાણાના કૃષિ નિષ્ણાતો માની રહ્યા છે કે, માર્ચના મધ્ય સુધીમાં ઘઉંના પાકને ૨૫ ટકાથી વધુનું નુકસાન થઈ ચુક્યું છે. માર્ચના અંતે વધુ વરસાદ અને પવનના લીધે નુકસાનનો આંકડો વધી ગયો છે. હરિયાણા એગ્રીકલ્ચર યુનિવર્સિટી અને પંજાબ એગ્રીકલ્ચર યુનિવર્સિટીમાં વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, ઘઉં પાકમાં અનાજની ગુણવત્તાને પણ ભારે નુકસાન થયું છે. અનાજમાં આ વખતે ઉંચા ભેજની સ્થિતિ રહી શકે છે. જે લાંબા ગાળા સુધી સ્ટોરેજ કરી શકાશે નહીં. આવનાર દિવસોમાં પણ વાતાવરણની સ્થિતિ યોગ્ય નહીં રહે તેવી શક્યતા છે. પંજાબ અને હરિયાણાના કેસમાં નુકસાન ખુબ જંગી છે. નવેસરથી મુલ્યાંકનની પ્રક્રિયા ચાલી રહી છે. મહારાષ્ટ્રમાં કેરી અને સ્ટ્રોબેરીના ફળને નુકસાન થયું છે. કારણ કે રાજ્યના જુદા જુદા ભાગોમાં કમોસમી વરસાદ પડ્યો છે. ભારે વરસાદના બે રાઉન્ડના લીધે ૬૦ ટકા નુકસાન કેરીના પાકને થયું છે. રાજ્યમાંથી ૪૫૦૦૦ ટન કેરીના પાકના અંદાજ સામે આ વખતે ૨૫૦૦૦ ટનનો અંદાજ રહે તેવી શક્યતા છે. હિમાચલમાં સફરજનના પાકને ભારે નુકસાન થયું છે. સિમલા, મંડી અને કુલ્લુ જિલ્લામાં ભારે વરસાદ થયો છે જેના પરિણામ સ્વરુપે સફરજનના પાકને નુકસાન થયું છે. ૨૦૧૪-૧૫માં ફળફળાદીનું ઉત્પાદન ૬૫૩૦૦૦ ટન રહ્યું હતું. સફરજન કુલ ફળ ઉત્પાદન પૈકી ૮૯ ટકા યોગદાન આપે છે.

**મહારાષ્ટ્રમાં વળતર ન મળ્યું**

# બેંક ખાતા નહીં હોવાથી ખેડૂતો વળતરથી વંચિત

મુંબઈ,તા. ૨

કમોસમી વરસાદ અને ક્યારે દુષ્કાળની સ્થિતિના કારણે હેરાન પરેશાન રહેલા ખેડૂતોને વળતરની રકમ પણ મળી રહી નથી. મહારાષ્ટ્ર સરકાર દ્વારા દુષ્કાળ પ્રભાવિત ખેડૂતોને વળતર તરીકે આપવામાં આવનાર ૪૬૦ કરોડ રૂપિયા વહીવટી વ્યવસ્થામાં ફરીને પરત સરકારી ખજાનામાં આવી જતાં ખેડૂતો વળતરથી વંચિત રહી ગયા છે. મોટાભાગના ખેડૂતો પાસે બેંક કાતા નહીં હોવાથી તેમને વળતરની રકમ મળી શકી નથી. મહારાષ્ટ્ર સરકારમાં આર્થિક મદદ માટે બેંક ખાતા હોવાની બાબત પ્રાથમિક શરત તરીકે છે. ભ્રષ્ટાચારને રોકવાના હેતુથી મહારાષ્ટ્ર સરકાર ૨૦૧૪થી આર્થિક મદદ રોકડ આપવા માટે વ્યવસ્થા કરવામાં આવી રહી છે. બેંક ખાતામાં હવે સીધી રકમ મોકલવાની હિલચાલ ચાલી રહી છે પરંતુ રાહત અને પુનઃવસવાટ પ્રધાન એકનાથ ખડસેનું કહેવું છે કે, અનેક મામલાઓમાં વળતરની રકમ મળી શકી નથી. કારણ કે, ક્લેઈમ કરનાર ખેડૂતોના બેંક ખાતા મળી શક્યા નથી. ખેડૂતો પાસે બેંક ખાતા નહીં હોવાથી તેઓ વંચિત રહી ગયા છે. ૯૦ લાખ ખેડૂત દુષ્કાળથી પ્રભાવિત થયા હતા પરંતુ માત્ર ૬૫ લાખ ખેડૂતોને જ વળતરની રકમ મળી શકી છે. ૨૫ લાખ ખેડૂતો હજુ પણ વળતરની રાહ જોઈ રહ્યા છે. હજુ ૨૫ લાખ ખેડૂતોને ક્યારે વળતર મળશે તેને લઈને સસ્પેન્સની સ્થિતિ બનેલી છે.

# ગિરીરાજસિંહ માનસિક બિમાર છે : રાજ બબ્બર

નવીદિલ્હી,તા. ૨

કેન્દ્રીય પ્રધાન ગિરીરાજ સિંહના કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના વંશીય સૂચનને લઈને જોરદાર ઘમસાણની સ્થિતિ છે ત્યારે રાજ્યસભાના સાંસદ રાજ બબ્બરે આજે કહ્યું હતું કે, ભાજપના નેતાએ માનસિક માંદગી માટે સારવાર લેવાની જરૂર છે. કોંગ્રેસના નેતાએ કહ્યુંછે કે, સિંહની સારવાર ખુબ જરૂરી બની ગઈ છે. રાજ બબ્બરે કહ્યું હતુંકે, ભારતમાં કાલી અને દુર્ગા દેવીની પૂજા કરવામાંઆવેછે ત્યારે આ પ્રકારના નેતાઓ આ પ્રકારની ટિપ્પણી કરવી જોઈએ નહીં. સોનિયા ગાંધીના જમાઈ રોબર્ટ વાઢેરાએ કહ્યું છે કે, તેઓ આ પ્રકારના સૂચન કરીને સાબિત કરી રહ્યા છે કે, મહિલાઓ માટે ભાજપના નેતા સન્માન ધરાવતા નથી. જો કે, ભાજપે આ અંગે પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે, તેમનો આ અંગત મત છે.

# ઓનલાઈન ટ્રેન ટિકિટ બુકિંગ આંક પહેલીએ ૧૩.૪૫ લાખ

નવીદિલ્હી, તા.૨

ઓનલાઈન ટિકિટ બુકિંગના પ્રથમ દિવસે એટલે કે પહેલી એપ્રિલે ૧૩.૪૭ લાખ બુકિંગનો આંકડો પહોંચી ગયો હતો. રેલવેના નવા નિયમો અમલી બન્યાના પ્રથમ દિવસે જ ૧૩.૪૫ લાખ ઓનલાઈન ટ્રેન ટિકિટ બુકિંગ કરવામાં આવી હતી. યાત્રીઓને ૬૦ દિવસના બદલે હવે ૧૨૦ દિવસ પહેલા ટિકિટ બુક કરાવવા માટે મંજુરી આપી દેવામાં આવી છે. રેલવેએ એડવાન્સ રિઝર્વેશનના ગાળાને ૬૦ દિવસના બદલે વધારીને ૧૨૦ દિવસ કરી દીધો છે. રેલવે મંત્રાલયના વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, એડવાન્સ રિઝર્વેશન પિરિયડના ગાળાને બે મહિનાથી વધારીને ચાર મહિના કરવામાં આવી રહ્યો છે. ટિકિટની કાળાબજારીને રોકવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. ચાર મહિનાના વિન્ડોથી એડવાન્સમાં તેમના વેકેશનનું આયોજન લોકો કરી શકશે. અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે, આઈઆરસીટીસી વેબસાઈટ મારફતે ૧૨૫૭૯૦ તત્કાલ ઓનલાઈન ટિકિટ સહિત ૧૩૪૫૪૯૬ રેલવે ટિકિટ બુકિંગ કરવામાં આવી છે. ૧૩ લાખથી વધુ ટિકિટોનું બુકિંગ પ્રથમ દિવસે કરવામાં આવતા આ એક રેકોર્ડ સર્જાયો છે. આઈઆરસીટીસી ટિકિટિંગ સાઈટમાં એક દિવસમાં પાંચ લાખ ટિકિટોનું સરેરાશ બુકિંગ કરવામાં આવે છે. ઓનલાઈન બુકિંગ માટે કુલ કલેક્શનની રકમ ૨૫૦૬૫૫૨,૮૧૪ રહી છે. આઈઆરસીટીસી સર્વિસ ચાર્જનો આંકડો ૪૩૦૩૩,૯૪૭ રૂપિયા છે. અગાઉ સ્લીપર માટે સર્વિસ ચાર્જ ૧૦ રૂપિયા હતો અને એસી ક્લાસ માટે સર્વિસ ચાર્જ ૨૦ રૂપિયા હતો જે પહેલી એપ્રિલથી ડબલ થઈ ગયો છે. બુધવારના દિવસે ૧૭૪૮૭૧ રેલવે ટિકિટ ૨૬ કરવામાં આવી હતી. રેલવે દ્વારા સવારે ૮થી ૧૨ વાગ્યાના ગાળામાં ઓનલાઈન તત્કાલ ટિકિટ બુકિંગથી પ્રવાસ એજન્ટોને રોકી દીધા છે. રેલવે નવી યોજનાને અમલી બનાવી રહી છે.

# અવિરત વરસાદ જારી રહેતા કાશ્મીરી લોકો હજુ ચિંતાતુર

શ્રીનગર,તા. ૨

જમ્મુ કાશ્મીરમાં પુરનુ સંકટ સંપૂર્ણપણે હજુ પણ ટળ્યું નથી. કારણ કે બારે વરસાદનો દોર જારી રહ્યોછે. જેથી લોકો ભારે ચિંતાતુર બનેલા છે. ભારે વરસાદ છતાં રાજ્યની ઝેલમ અને અન્ય સહાયક નદીઓમાં પાણીની સપાટી ભયજનક સ્તર સુધી પહોંચી નથી પરંતુ હાલત કફોડી બનેલી છે. લોકોની ચિંતા ઓછી થઈ રહી નથી. આજે રાત્રભર ભારે વરસાદ જારી રહ્યો હતો. જેથી નદીના કિનારે રહેતા લોકો અને નીચાણવાળા વિસ્તારમાં રહેતા લોકો ઉંઘી શક્યા ન હતા. ઝેલમ નદીના કિનારે આવેલા વિસ્તારમાં લોકો જાગીને રાત કાઢવા મજબુર થયા હતા. સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ અને નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ દ્વારા તકેદારી રાખવામાં આવી રહી છે. જુદા જુદા વિસ્તારોમાંથી ૨૫૦૦ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડી દેવામાં આવ્યા છે. વરસાદ જારી રહેવાના કારણે બચાવ અને રાહત કામગીરી આડે પણ અડચણો આવી રહી છે.રોગચાળાનો ખતરો પણ હવે તોળાઈ રહ્યો છે. જમ્મુ કાશ્મીરમાં પુરની સ્થિતીમાં સુધારો થાય તે પહેલાજ નવેસરથી ભારે વરસાદના કારણે ફરી સંકટના વાદળો ઘેરાઈ ગયા છે.નીચાણવાળા વિસ્તાર સહિત મોટા ભાગના વિસ્તારોમાં હજુ પણ પાણી ભરાયેલા છે. બીજી બાજુ પુરગ્રસ્ત વિસ્તારમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. જમ્મુ કાશ્મીરમાં પુરની સ્થિતી હજુ પણ ગંભીર બનેલી છે.

લાખો લોકો સામે નવી આફત આવી ગઈ છે. જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. છેલ્લા કેટલાક દિવસથી અતિ ભારે વરસાદના કારણે સ્થિતી ખરાબ થઈ હતી. તમામ જગ્યાએ પાણી ભરાઈ ગયા હતા. જો કે પાણીને દુર કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે. કાશ્મીર ખીણમાં પુરની સ્થિતી સર્જાઈ ગયા બાદ બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. હજારો લોકોને સુરક્ષિત સ્થળે ખસેડી લેવામાં આવ્યા છે. મોતનો આંકડો હવે વધીને ૧૮ ઉપર પહોંચી ગયો છે. અનેક લોકો હજુ લાપતા હોવાની માહિતી મળી છે.સત્તાવાળાઓ દ્વારા કોઈપણ સ્થિતિને પહોંચી વળવા એલર્ટ પર રહેવા સૂચના આપી રહ્યા છે.

# ખેમકાની બદલી માટેના આદેશનો બચાવ કરાયો

ચંદીગઢ,તા. ૨

કેન્દ્ર અને હરિયાણામાં સરકાર બદલાયા બાદ પણ આઈએએસ અધિકારી અશોક ખેમકા માટે સ્થિતિ બદલાઈ નથી. અશોક ખેમકાની બુધવારના દિવસે ફરીએકવાર બદલી કરવામાંઆવી હતી. હરિયાણાં ભાજપ સરકાર દ્વારા તેમની બદલી કરવામાં આવીહતી. ૨૪ વર્ષના કેરિયરમાંઅશોક ખેમકાની ૪૫ વખત બદલી કરવામાં આવી ચુકી છે. હરિયાણાના મુખ્યમંત્રી ખટ્ટરે ખેમકાની બદલીના આદેશનો બચાવ કર્યોછેઅનેતેમનેએક ઈમાનદાર ઓફિસર તરીકે ગણાવ્યા છે. બીજી બાજુ ખેમકાએ માઈક્રો બ્લોગિંગ વેબસાઈટ ઉપર પોતાની પ્રતિક્રિયા આપી છે. હરિયાણાના મુખ્યમંત્રી ખટ્ટરે ટ્રાન્સફરનો બચાવ કર્યો છે અને કહ્યું છે કે, અધિકારીઓની બદલી અને પોસ્ટિંગ જરૂરીયાત મુજબ કરવામાં આવે છે. વહીવટી આધાર પર તેમની બદલી કરવામાં આવી છે. બદલીની પ્રક્રિયા રુટિન પ્રક્રિયા છે. જોકે, આરોગ્ય પ્રધાન અનિલ વિજે ખેમકાના સમર્થનમાં નિવેદન કર્યુંછે અને કહ્યુંછે કે, તેઓ અધિકારીના સંદર્ભમાં મુખ્યમંત્રી સાથે વાતચીત કરશે.

**અસરગ્રસ્તોની કુલ સંખ્યા ૩૪૦૦૦ નોંધાઈ**

# સ્વાઈન ફ્લુથી દેશમાં મૃતાંક વધી ૨,૦૮૪

નવીદિલ્હી, તા.૨

દેશમાં કિલર તરીકે સાબિત થઈ રહેલા સ્વાઈન ફ્લુના કારણે વધુ ૨૦ લોકોના મોત થયા છે જેથી મોતનો આંકડો વધીને હવે ૨૦૮૪ સુધી પહોંચી ગયો છે. જ્યારે અસરગ્રસ્ત લોકોની સંખ્યા દેશમાં ૩૪૦૦૦ સુધી પહોંચી ગઈ છે. આરોગ્ય મંત્રાલય દ્વારા એકત્રિત કરવામાં આવેલા નવેસરના ડેટામાં જણાવવામાં આવ્યુ છે કે આ વર્ષે સ્વાઈન ફ્લુના કારણે હજુ સુધી મોતનો આંકડો ૨૦૮૪ સુધી પહોચી ગયો છે. કેન્દ્રિય આરોગ્ય મંત્રાલયના આંકડા દર્શાવે છે કે ગુજરાતમાં સ્વાઈન ફ્લુથી મોતનો આંકડો દેશમાં સૌથી વધારે છે. ગુજરાતમાં અસરગ્રસ્ત લોકોની સંખ્યા ૬૫૩૫ સુધી પહોંચી ગયો છે. જાન્યુઆરી બાદથી સ્વાઈન ફ્લુએ જોરદાર આતંક મચાવ્યો હતો પરંતુ હવે સ્થિતીમાં સુધારો થયો છે. ગુજરાતમાં સ્વાઈન ફ્લુથી ૪૩૪ લોકોના મોત થઈ ચુક્યા છે. ગુજરાત ઉપરાંત રાજસ્થાનમાં ૪૨૩ લોકોના મોત થયા છે. જ્યારે મહારાષ્ટ્રમાં મોતનો આંકડો ૪૧૬ રહ્યો છે. મધ્યપ્રદેશમાં સ્વાઈન ફ્લુથી ૩૦૦ લોકોના મોત થયા છે અને અસરગ્રસ્તોની સંખ્યા ૨૨૦૬ સુધી પહોંચી ગઈ છે.



કર્ણાટકમાં મોતનો આંકડો ૮૫ સુધી પહોંચી ગયો છે. રાજ્યમાં અસરગ્રસ્ત લોકોની સંખ્યા ૨૮૧૩ સુધી પહોંચી ગયો છે. જો કે તેલંગાણા, પંજાબ અને હરિયાણામાં મોતનો આંકડો ક્રમશ ૭૭, ૫૩ અને ૫૩ નોંધાયો છે. જમ્મુ કાશ્મીરમાં રોગના કારણે ૧૯ લોકોના મોત થયા છે. ઉત્તરાખંડમાં ૧૨ લોકોના મોત થયા છે. પશ્ચિમ બંગાળમાં મોતનો આંકડો ૨૬ રહ્યો છે. જ્યારે ઉત્તરપ્રદેશમાં એકના મોત સાથે મૃતાંક ૩૮ ઉપર પહોંચી ગયો છે. દિલ્હીમાં ૧૨ લોકોના મોત થયા છે. અસરગ્રસ્તોની સંખ્યા ૪૨૩૭ રહી છે. કેરળમાં મોતનો આંકડો ૧૪ ઉપર પહોંચી ગયો છે. કેન્દ્રિય ગૃહ મંત્રાલયના આંકડા દર્શાવે છે કે આંધ્રમાં ૨૨ના મોત થયા છે જ્યારે છત્તિસગઢમાં ૨૨ લોકોના મોત થયા છે.હિમાચલમાં ૨૨ લોકોના મોત થયા છે.

સ્વાઈન ફ્લુને રોકવા માટે તંત્ર દ્વારા જાન્યુઆરી મહિના બાદતી જ સત પગલા લેવામાં આવી રહ્યા છે. જનજાગૃતિના પ્રયાસો પણ હાથ ધરવામાં આવ્યા હતા. જુદા જુદા વિભાગોને સક્રિય કરવામાં આવ્યા હતા. દેશના મોટા ભાગના વિસ્તારોમાં હવે ઠંડીનુ પ્રમાણબિલકુલ ઓછુ થઈ ગયા બાદ સ્વાઈન ફ્લુના કેસ પણ ઘટી ગયા છે. જો કે તંત્ર દ્વારા હજ પણ સાવધાનીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. સ્વાઈન ફ્લુના કારણે ગુજરાત અને રાજસ્થાન રાજ્ય તેમજ મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં સૌથી ખરાબ હાલત થઈ હતી. સ્વાઈન ફ્લુએ જોરદાર આતંક મચાવ્યો હતો પરંતુ હવે સ્થિતીમાં સુધારો થયો છે. તંત્ર દ્વારા લેવામાં આવેલા પગલાની અસર હવે દેખાઈ છે. જો કે વિવિધ રાજ્યોમાં સેંકડો લોકો સ્વાઈન ફ્લુ થયા બાદ સારવાર હેઠળ છે.

# ઉત્તરાખંડ : ૫.૧ની તીવ્રતા સાથે ફરી ભૂકંપનો આંચકો

દહેરાદુન,તા. ૨

ઉત્તરાખંડમાં આજે સવારે કેટલાક ભાગોમાં ભૂકંપનો આંચકો આવ્યો હતો. જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૧ જેટલી આંકવામાં આવી હતી. ધરતીકંપના આંચકા બાદ સામાન્ય લોકો વહેલી સવારે તેમના ઘરમાંથી બહાર દોડી ગયા હતા. ભૂકંપ સાથે સંબંધિત વિભાગે માહિતી આપતા કહ્યુ છે કે જાનમાલના નુકસાનના કોઈ સમાચાર મળ્યા નથી. અધિકારીએ કહ્યુ હતુ કે ભૂકંપનુ કેન્દ્ર ચમોલી જિલ્લામાં હોવાનુ જાણવા મળ્યું છે. ધરતીકંપની અસર છેલ્લા તોડાક સેકન્ડ સુધી રહી હતી. તાજેતરના મહિનામાં દેશના કેટલાક ભાગોમાં પણ ધરતીકંપના આંચકા આવી ચુક્યા છે. જેને લઈને સામાન્ય લોકોમાં ચિંતા રહી છે પરંતુ વૈજ્ઞાનિક સમુદાયમાં અભ્યાસની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ઉત્તરાખંડમાં પણ વારંવાર આંચકા આવતા રહે છે. થોડાક સમય સુધી એની અસર હોવા છતાં લોકોને જાણ થઈ હતી. આંચકાનો અનુભવ કર્યા બાદ લોકો આને લઈને ચર્ચા કરતા નજરે પડ્યા હતા. ચમોલી અને અન્ય કોઈ જગ્યાએ કોઈ નુકસાન થયું નથી.

## સમાચાર ઝલક

- **વડોદરા પાંજરાપોળમાં પશુઓના ઘાસચારામાં લાખોનું કૌભાંડ કર્મચારીઓએ કર્યું.**
- **અમરેલી જિલ્લામાં તમામ ગ્રામપંચાયતોમાં સુચના/ફરિયાદ પેટી મુકવામાં આવી.**
- **અંકલેશ્વરની જી.આઈ.ડી.સી.માંથી મોટા પાયે શસ્ત્રો સાથે પ્રરપ્રાંતીય ઝડપાયા.**
- **અમદાવાદના ઈસનપુરમાં ૭ નકલી પોલીસો ડમી પત્રકારો લુંટ કરતા ઝડપયા. નૃત્ય કલાસની મહિલા કર્મચારીને લુંટી.**
- **હરિયાણાના આઈ.એ.એસ. અધિકારીશ્રી ખેમકાની બદલી કરાઈ.**
- **જનધન યોજના હેઠળ ૧૪ હજાર કરોડ રૂપિયા બેંકમાં જમા થયા.**
- **વોટસએપની ફ્રી વોઈસ કોલિંગ સેવા શરૂ.**
- **રો સ્ટાર ફેમ દર્શન રાવલે અમદાવાદમાં શૂટ કર્યું નવું સોંગ.**
- **રાજપથની ચૂંટણીના પરિણામ બાદ રચાયું નવું રાજકીય સમીકરણ.**